# પથી ૧૪ વર્ષના બાળકોમાં સંક્રમણ વધી રહ્યું છે : WHO

## ડબ્લ્યુએચઓ યુરોપના પ્રાદેશિક નિયામકે જણાવ્યું હતું કે રસીકરણથી રાહત મળી છે અને મૃત્યુની સંખ્યા પણ અગાઉની પીક કરતા ઓછી છે

નવી દિલ્હી,તા.૮

એક તરફ દક્ષિણ આફ્રિકાથી ફેલાયેલા કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએન્ટને લઈને ગભરાટ ફેલાયો છે, ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને બાળકોમાં સંક્રમણ અંગે મહત્વની માહિતી શેર કરી છે. ડબ્લ્યુએચઓની યુરોપ ઓફિસે અહેવાલ આપ્યો હતો કે, પથી ૧૪ વર્ષની વયના બાળકોમાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. ડબ્લ્યુએચઓ યુરોપના પ્રાદેશિક નિયામક ડો. હેન્સ ક્લુઝે જણાવ્યું હતું કે રસીકરણથી રાહત મળી છે અને મૃત્યુની સંખ્યા પણ અગાઉની પીક કરતા ઓછી છે. પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે, ૫૩ દેશોમાં છેલ્લા બે મહિનામાં કોરોનાના કેસ અને મૃત્યુની સંખ્યા બમણી થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, ડેલ્ટા વેરિએન્ટ (ડેલ્ટા વેરિએન્ટ) હજી પણ ફેલાઈ રહ્યું છે અને આ દરમિયાન ઓમિક્રોન વેરિએન્ટમાં પણ ૨૧ દેશોમાં ૪૩૨ કેસ નોંધાયા છે. તેમણે નવા વેરિએન્ટ પર કહ્યું કે, યુરોપ અને મધ્ય એશિયામાં ડેલ્ટા વેરિએન્ટ હજી પણ પ્રભુત્વ ધરાવે છે અને અમે જાણીએ છીએ કે ગંભીર રોગ અને મૃત્યુને રોકવામાં રસી અસરકારક છે, તેમણે કહ્યું કે હવે જોવાનું એ છે કે ઓમિક્રોન વધુ ગંભીર છે કે ઓછું. ક્લુઝે ચિંતા વ્યક્ત કરી હતી કે ઘણા યુરોપિયન દેશોમાં બાળકોમાં સંક્રમણના કેસોમાં બેથી ત્રણ ગણો વધારો થયો છે. એમ પણ કહ્યું હતું કે, વૃદ્ધો, આરોગ્ય કર્મચારી અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો કરતાં બાળકોને ઓછો ગંભીર સંક્રમણનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે, શાળાની રજાઓ આવતાની સાથે જ બાળકો માતાપિતા અથવા દાદા-દાદીના ઘરે વધુ રહે છે, જે બાળકો મારફતે તેમને સંક્રમણ ફેલાઈ શકે છે. વળી, જો તેમને રસી ના લીધી હોય તો આવા લોકોને ગંભીર બીમારી કે મૃત્યુનું જોખમ ૧૦ ગણું વધી જાય છે. વધુમાં કહ્યું કે બાળકોથી રોગો ફેલાવવાનું જોખમ વધારે હોય છે. યુનાઈટેડ નેશન્સના વીકલી રિપોર્ટ અનુસાર, યુરોપ હાલમાં કોરોના મહામારીનું કેન્દ્ર બિંદુ છે. વિશ્વવ્યાપી મૃત્યુના ૬૧% અને ૭૦% કેસ અહીંયાથી જ સામે આવી રહ્યા છે. સ્પેનના આરોગ્ય મંત્રાલયે સંક્રમણના વધતા જોખમ વચ્ચે ૫ થી ૧૧ વર્ષની વયના બાળકો પર કોરોના રસી મૂકવાની મંજૂરી આપી દીધી છે. યુરોપના ઘણા દેશોમાં બાળકોનું રસીકરણ શરૂ થઈ ચૂક્યું છે. સ્પેનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ૧૩ ડિસેમ્બરે ૩.૨ મિલિયન ડોઝ આવશે, ત્યારબાદ ૧૫ ડિસેમ્બરથી બાળકોનું રસીકરણ કરવામાં આવશે.

# રાવતના નેતૃત્વમાં ભારતે પાક. પર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી

## રાવત આર્મીમાં ઉંચાઈ પર જંગ લડવા અને કાઉન્ટર ઈમરજન્સી ઓપરેશનમાં નિષ્ણાત તરીકે જાણીતા હતા

તમિલનાડુના કુન્નૂર ખાતે આજે સેનાનું એક હેલિકોપ્ટર ક્રેશ થયું જેમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત અને તેમના પત્ની સહિત ૧૪ લોકો સવાર હતા.



- બિપિન રાવત આર્મીમાં ઉંચાઈ પર જંગ લડવા અને કાઉન્ટર ઈમરજન્સી ઓપરેશન એટલે કે, જવાબી કાર્યવાહીના એક્સપર્ટ તરીકે જાણીતા.
- ૨૦૧૬ના વર્ષમાં ઉરી ખાતે સેના કેમ્પ પર થયેલા આતંકવાદી હુમલા બાદ આર્મી ચીફ જનરલ બિપિન રાવતના નેતૃત્વમાં ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ પાકિસ્તાનમાં આતંકવાદી શિબિરો ધ્વંસ્ત કરવા માટે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. બિપિન રાવતે ટ્રેન્ડ પેરા કમાન્ડોના માધ્યમથી તેને અંજામ આપ્યો હતો.
- ઉરી ખાતે સેનાના કેમ્પ અને પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર થયેલા હુમલામાં અનેક જવાનો શહીદ થયા ત્યાર બાદ સેનાએ સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી.
- આર્મી સર્વિસ દરમિયાન તેમણે એલઓસી, ચીન બોર્ડર અને નોર્થ ઈસ્ટ ખાતે લાંબો સમય વિતાવ્યો.
- બિપિન રાવતે કાશ્મીર ઘાટીમાં પહેલા નેશનલ રાઈફલ્સમાં બ્રિગેડિયર અને બાદમાં મેજર જનરલ તરીકે ઈન્ફેન્ટ્રી ડિવિઝનની કમાન સંભાળી.
- સાઉથ કમાન્ડની કમાન સંભાળીને તેમણે પાકિસ્તાનને અડીને આવેલી પશ્ચિમી સરહદે મિકેનાઈઝ્ડ વોરફેરની સાથે સાથે એરફોર્સ અને નેવી સાથે વધુ સારો તાલમેલ કર્યો.
- ચાઈનીઝ બોર્ડર પર બિપિન રાવતે કર્નલ તરીકે ઈન્ફેન્ટ્રી બટાલિયનની કમાન સંભાળી.
- બિપિન રાવતને ઈન્ડિયન મિલિટ્રી અકાદમીમાં (આઈએમએ) 'સ્વોર્ડ ઓફ ઓનર' વડે નવાજવામાં આવેલા.
- રાવત ચીફ ઓફ સ્ટાફ કમિટીના અધ્યક્ષ ઉપરાંત ભારતીય સેનાના ૨૭મા સેનાધ્યક્ષ તરીકે પણ કાર્ય કરી ચુક્યા છે.
- બિપિન રાવતનો જન્મ ૧૬ માર્ચ, ૧૯૫૮ના રોજ ઉત્તરાખંડના પૌડી ખાતે ગઢવાલી રાજપૂત પરિવારમાં થયો હતો. તેમણે ૧૯૭૮ના વર્ષમાં આર્મી જોઈન કરી હતી. ૨૦૧૧માં તેમણે ચૌધરી ચરણ સિંહ યુનિવર્સિટી ખાતેથી મિલિટ્રી મીડિયા સ્ટડીઝમાં પીએચડીની ડિગ્રી મેળવી હતી.
- બિપિન રાવતે ૦૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ આર્મીના વાઈસ ચીફનું પદ સંભાળ્યું અને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ઈન્ડિયન આર્મીના ૨૬મા ચીફની જવાબદારી મળી. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ તેઓ ભારતના પ્રથમ સીડીએસ તરીકે નિયુક્તિ પામ્યા. બિપિન રાવતે ૦૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ સીડીએસનો પદભાર ગ્રહણ કર્યો.

# સિતારામણ ભારતના સૌથી શક્તિશાળી મહિલા બન્યા

## નિર્મલા સીતારામણને સતત ત્રીજી વખત દુનિયાની ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સ્થાન મળ્યું

નવી દિલ્હી, તા.૮

દુનિયાના સૌથી લોકપ્રિય મેગેઝીન ફોર્બ્સેએ દુનિયાની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદી



રજૂ કરી છે. આ યાદીમાં દેશના નાણા મંત્રી નિર્મલા સીતારામણને પણ સ્થાન મળ્યું છે. તેમને ૩૭મું સ્થાન આપવામાં આવ્યું છે. તમને જાણીને નવાઈ લાગશે કે ફોર્બ્સમાં નિર્મલા સીતારામણને સતત ત્રીજી વખત દુનિયાની ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં સ્થાન મળ્યું છે.

નિર્મલા સીતારામણે આ વખતે આ યાદીમાં ઘણો સારો દેખાવ કર્યો છે. નાણા મંત્રી નિર્મલા સીતારામણ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી જૈનેટ યેલેનથી પણ બે સ્થાન આગળ છે.

ફોર્બ્સેએ દુનિયાની ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં નાયકાનાં ફાઉન્ડર અને સીઈઓ ફાલ્ગુની નાયરને પણ સ્થાન આપ્યું છે. તેમને આ યાદીમાં ૮૮મું સ્થાન મળ્યું છે. ફાલ્ગુની નાયર શેર બજારમાં પોતાની કંપનીની શાનદાર શરૂઆત બાદ અત્યારે ભારતના ૭મા મહિલા અબજપતિ અને સૌથી ધનિક સ્વ-નિર્મિત અબજપતિ બન્યા છે.

નાણા મંત્રી નિર્મલા સીતારામણ અને ફાલ્ગુની નાયર સિવાય ફોર્બ્સેએ દુનિયાની સૌથી શકિતશાળી મહિલાઓની યાદીમાં ભારતની એક બીજી મહિલાને પણ સ્થાન આપ્યું છે. ફોર્બ્સે એચસીએલ ટેકનોલોજીસનાં ચેરપર્સન રોશની નાડરને ૫૨મું સ્થાન આપ્યું છે. રોશની નાડર દેશની કોઈ આઈટી કંપનીને લીડ કરવાવાળા પ્રથમ મહિલા અધિકારી છે. ફોર્બ્સેએ પોતાની યાદીમાં બાઈકોનના ફાઉન્ડર અને એક્ઝીક્યુટીવ ચેરપર્સન કિરણ મજુમદારને પણ સ્થાન આપ્યું છે. તેમને ૭૨મા સ્થાન પર રાખવામાં આવ્યા છે.

ફોર્બ્સેએ દુનિયાની ૧૦૦ સૌથી શક્તિશાળી મહિલાઓની યાદીમાં મૈંકેજી સ્કોટને પ્રથમ સ્થાન આપ્યું છે. મૈંકેજી સ્કોટ દુનિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ જેફ બેજોસ (એમેઝોન ગ્રુપના માલિક)ના પૂર્વ પત્ની છે. વર્ષ ૨૦૧૯માં બંનેના ડીવોર્સ થઈ ગયા હતા. આ યાદીમાં બીજા સ્થાન પર અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હૈરિસ છે.

# કેસ પાછા ખેંચાય બાદ જ આંદોલન સમેટાશે : ટિકૈત

## સરકાર પંજાબ મોડેલની જેમ જ મૃત ખેડૂતોના પરિવારને પાંચ લાખનુ વળતર આપવા માગ પણ માગ કરાઈ

નવી દિલ્હી, તા.૮

મહત્વના વળાંક પર આવીને ઉભેલા ખેડૂત આંદોલનની વચ્ચે ખેડૂત નેતાઓ તેમજ કેન્દ્ર સરકાર સાથે વાતચીત ચાલુ છે.

દરમિયાન સંયુક્ત કિસાન મોરચાની પાંચ સભ્યોની કમિટીએ કેન્દ્રને નવો પ્રસ્તાવ મોકલ્યો છે.જેમાં ખેડૂતો સામે જેટલા પણ કેસ નોંધાયા છે તે તમામ પાછા ખેંચવાની માગ કરવામાં આવી છે.



સૂત્રોનુ કહેવામાં આવે તો સરકાર પણ કેસ પાછા ખેંચવા માટે તૈયાર થઈ ગઈ છે.જોકે રાકેશ ટિકૈતે સ્પષ્ટપણે કહ્યુ છે કે, સરકાર કેસ પાછા ખેંચશે ત્યારે જ આંદોલન ખતમ કરવામાં આવશે. આ પહેલા કેન્દ્ર સરકારે મંગળવારે ખેડૂતોને પાંચ મુદ્દાનો પ્રસ્તાવ મોકલ્યો હતો.

જેમાં સરકારે કહ્યુ હતુ કે, સરકાર કેસ પાછા ખેંચવા તૈયાર છે પણ આ માટે ખેડૂતોએ પહેલા આંદોલન પાછુ ખેંચવુ પડશે.જ્યારે હવે ખેડૂતો એવી માંગ કરી રહ્યા છે કે, પહેલા કેસ પાછા ખેંચવામાં આવે અને એ પછી જ આંદોલન ખતમ કરવામાં આવશે.

સરકારે એમએસપી માટે કમિટિ બનાવવાનો પ્રસ્તાવ મુકયો છે. સાથે સાથે હરિયાણા અને યુપી સરકારે મૃત ખેડૂતોના પરિવારનો વળતર આપવા માટે પણ કહ્યુ છે.જ્યારે પરાળી સળગાવવા માટે ખેડૂતો પર ગુનો નહીં નોંધાય તેવુ પણ સરકાર કહી ચુકી છે.

ખેડૂતો જોકે કહી રહ્યા છે કે, કેસ પાછા ખેંચવા માટે સરકાર સમય મર્યાદા જાહેર કરે તેમજ સરકાર પંજાબ મોડેલની જેમ જ મૃત ખેડૂતોના પરિવારને પાંચ લાખનુ વળતર અને દરેકના પરિવારના એક સભ્યને નોકરી આપવા માટે લેખિતમાં ખાતરી આપે.

# ગુજરાતમાં કોરોનાના નવા ૬૭ કેસ નોંધાતા ચકચાર

## હાલ રાજ્યમાં કુલ કેસની સંખ્યા ૪૧૭ : બુધવારે કુલ રસીના ૩,૩૫,૮૨૨ ડોઝ આપવામાં આવ્યા હતા

ગુજરાતમાં કોરોનાના નવા ૬૭ નવા કેસ નોંધાતા ચકચાર મચી છે. તો બીજી તરફ ૧૯ દર્દી રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૩૬૧ અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૩ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી આગળ વધી રહી છે. આજે કુલ રસીના ૩,૩૫,૮૨૨ ડોઝ આપવામાં આવ્યા હતા.

હાલ રાજ્યમાં કુલ ૪૧૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૮ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૦૯ નાગરિકો સ્ટેબલ છે. બીજી તરફ ૮,૧૭,૩૬૧ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૦૯૫ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતની વાત છે કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૨૩, સુરત કોર્પોરેશન ૧૧, વડોદરા અને જામનગર કોર્પોરેશન ૭-૭, સુરત ૪, બનાસકાંઠા, વલસાડ ૩-૩, અમદાવાદ, કચ્છ, નવસારી તાપીમાં ૨-૨ કેસ નોંધાયા છે. જ્યારે વડોદરામાં ૧ નોધાતા આ પ્રકારે કુલ ૬૭ કેસ નોંધાયા છે.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૨૫ ને રસીનો પ્રથમ, ૧૭૧૩ વર્કરને રસીનો બીજો ડોઝ, ૪૫ વર્ષથી વધારે ઉંમરના ૧૦૦૯૪ નાગરિકોને રસીનો પ્રથમ, ૭૬૯૨૩ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૩૪૧૬૬ નાગરિકોને રસીનો પ્રથમ, ૨૧૨૯૦૧ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૩,૩૫,૮૨૨ રસીના ડોઝ જ્યારે કુલ ૮,૩૮,૬૨,૨૮૦ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

# ઉમિયા માતાજી મંદિર : અંધશ્રધ્ધા-કુરિવાજો સામે લોકજાગૃતિ સાથે સમાજ ઉત્થાનનું કેન્દ્ર

ગાંધીનગર, તા. ૮

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થા પ્રેરિત મા ઉમિયાધામ-અમદાવાદની અખબારી યાદી જણાવે છે કે કડવા પાટીદારો ક્યારેય કુરિવાજ, ખોટી પરંપરાઓ કે અંધશ્રધ્ધામાં માનતા નથી. કડવા પાટીદારોની આસ્થાનું કેન્દ્ર ગણાતા ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સૌ પ્રથમવાર આયોજિત કરવામાં આવેલા સમુહ લગ્નની પ્રથાને આજે અનેક સમાજ-જ્ઞાતિ અનુસરે છે. પાટીદારો ક્યારેય ભુવા, તાંત્રિક કે મેલી વિદ્યાઓમાં વિશ્વાસ ધરાવતા નથી એટલે જ મા ઉમિયા માતાજીના મંદિરમાં કોઈ તંત્ર-મંત્રને સ્થાન નથી અને ખોટી પરંપરાઓ દૂર કરવામાં મા ઉમિયા માતાજી સંસ્થાન હંમેશા અગ્રેસર રહ્યું છે.

ઉંઝા ખાતેના તિર્થસ્થાન અને પ્રાગટ્ય સ્થાનમાં ઉમિયા માતાજીનું મંદિર ધાર્મિક પ્રવૃત્તિની સાથોસાથ સમાજના ઉત્થાનનું કેન્દ્ર બની રહ્યું છે. સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા પાટીદારો જ નહીં પણ દરેક સમાજના નાગરિકોના હિતમાં કાર્યો કરવામાં આવે છે તેનું મા ઉમિયાધામની અખબારી યાદીમાં જણાવાયું છે. દેવાધિદેવ પ્રભુ શિવજીના અર્ધાગિની અને પાટીદારોના કુળદેવી સહિત કરોડો શ્રદ્ધાળુઓના આરાધ્યદેવી જગતજનની મા ઉમિયા ૧૮૬૬ વર્ષથી ઉંઝાના અત્યંત પૌરાણિક અને સુપ્રસિદ્ધ તિર્થસ્થાન યાત્રાધામમાં બિરાજમાન છે જ્યાં કડવા પાટીદારો સહિત અન્ય કરોડો શ્રદ્ધાળુઓ શિશ ઝુકાવે છે જે પૈકી ૩૫ ટકા શ્રદ્ધાળુ પાટીદાર સિવાયની જ્ઞાતિના હોય છે.

# મેટ્રો બ્રાન્ડ્સ લિમિટેડનો આઈપીઓ ૧૦મીએ ખુલશે

ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ. ૫ ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૮૫ થી રૂ. ૫૦૦ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૩૦ ઈક્વિટી શેર માટે અને પછી ૩૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફરમાં કંપનીના રૂ. ૨૯૫ કરોડના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને વિક્રેતા શેરધારકો દ્વારા ૨૧,૪૫૦,૧૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. વેચાણની ઓફરમાં પ્રમોટર વિક્રેતા શેરધારકોના ૧૩,૦૧૫,૦૦૦ ઈક્વિટી શેર, પ્રમોટર ગ્રૂપ વિક્રેતા શેરધારકોના ૮,૪૨૭,૦૦૦ ઈક્વિટી શેર અને અન્ય વિક્રેતા શેરધારકોના ૮,૧૦૦ ઈક્વિટી શેર સામેલ છે.

કંપની રૂ. ૩.૨૯ કરોડની કુલ રોકડ માટે ૭૩,૧૩૬ ઈક્વિટી શેરનું પ્રાઈવેટ પ્લેસમેન્ટ હાથ ધરવા મ્ઈન્સ્જ સાથે ચર્ચા કરે છે. એ મુજબ, ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસમાં જણાવ્યા મુજબ ફ્રેશ ઈશ્યૂની સાઈઝ રૂ. ૨૫૦ કરોડથી ઘટીને રૂ. ૨૪૬.૭૧ કરોડ થઈ જશે. ત્યારબાદ કંપનીએ ફ્રેશ ઈશ્યૂની સાઈઝ રૂ. ૨૯૫ કરોડ વધારી છે, જે સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સની જોગવાઈ સાથે સુસંગત અને એને આધિન છે.

ઓફર સેબી આઈસીડી આર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૧ સાથે વાંચીને સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી), જેમાં સંશોધન મુજબ કરવામાં આવી છે. ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૬(૧)ની દ્રષ્ટિએ બુક બિલ્ડિંગ પ્રોસસ મારફતે કરવામાં આવી છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs અને આ પ્રકારનો હિસ્સો, "QIB પોર્શન")ને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જેમાં શરત એ છે કે, કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારકો મ્ઈન્સ્જ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો મહત્તમ ૬૦ ટકા હિસ્સો વિવેકાધિન ધોરણે એન્કર રોકાણકારોને ("એન્કર ઈન્વેસ્ટર પોર્શન")ને ફાળવી શકાશે, જેમાંથી સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સને સુસંગત રીતે ૩૩ ટકા કે એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એન્કર રોકાણકારોને ફાળવણી માટેની કિંમત ("એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ") પર કે એનાથી વધારે કિંમતે માન્ય બિડ મળવાને આધિન છે.

# સાલ હૉસ્પિટલના ચેરમેનના ઘરે દરોડા

## સમગ્ર દરોડાની કામગીરીથી ગુજરાત આવક વિભાગવેરાની ટીમને બાકાત રાખીને કરવામાં આવી છે

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં સાલ હૉસ્પિટલના ચેરમેનના ઘરે આવકવેરા વિભાગના દરોડા પડ્યા છે. સાલ હૉસ્પિટલના ચેરમેન રાજેન્દ્ર શાહના ઘરે આઈટીનું સર્ચ ચાલી રહ્યું છે. આજે સવારે છ વાગ્યાથી રાજેન્દ્ર શાહના ઘરે થઈ તપાસ રહી છે. અહીં મુંબઈ આવકવેરા વિભાગની ટીમ ત્રાટકી છે.

જો કે ચોંકાવનારી વાત એ છે કે,ગુજરાતમાં તપાસ ચાલી રહી છે ત્યારે પહેલીવાર આઈટીની ટીમમાં ગુજરાતનો કોઈ અધિકારી સામેલ નથી. મુંબઈ આવકવેરા વિભાગની ટીમ દ્વારા સાલ હોસ્પિટલના ચેરમેન રાજેન્દ્ર શાહના નિવાસે દરોડા પાડવામાં આવ્યા છે. સુરધારા સર્કલ નજીક આવેલા મણીચંદ્ર સોસાયટી વિભાગ ૫ માં આવેલા નિવાસસ્થાને દરોડા પાડવા આવેલી ટીમ ત્રાટકી છે. સાલ હોસ્પિટલના ચેરમેન રાજેન્દ્ર શાહના નિવાસ્થાનથી ૧ કિમીના અંતરે તેમની સાલ હોસ્પિટલ આવેલી છે. જોકે, આશ્ચર્યની વાત તો એ છે કે, સમગ્ર દરોડાની કામગીરીથી ગુજરાત આવક વિભાગવેરાની ટીમને બાકાત રાખીને કરવામા આવી છે. વહેલી સવારે થયેલી રેડ બાદ હજુ પણ તપાસ ચાલુ છે. હાલ રાજેન્દ્ર શાહ સહિત સમગ્ર પરિવાજનો નિવાસમાં ઉપસ્થિત છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાકાળ બાદ અનેક હોસ્પિટલો આઈટીના રડારમાં આવી છે.

દર્દીઓ પાસેથી કોરોનાની સારવારના નામે તોતિંગ રૂપિયા વસૂલ્યા છે. આવામાં કોરોનામાં કરોડો કમાઈ ગયેલી હોસ્પિટલો પર આઈટી ડિપાર્ટેમેન્ટે લાલ આંખ કરી છે. તો બીજી તરફ, ગઈકાલે અમદાવાદ આઈટી વિભાગની કાર્યવાહીમાં અમદાવાદના જાણીતા રત્નમણિ જૂથના ૫૦૦ કરોડના બિનહિસાબી વ્યવહાર પકડાયા છે. આઈટીની ટીમે ૮.૩૦ કરોડના દાગીના, ૧.૮૦ રોકડા જપ્ત કર્યા છે. ઈક્રમટેક્સે જૂથની અમદાવાદ અને મંબઈમાં મળી ૩૦થી વધુ જગ્યાએ એક સામટા દરોડા પાડ્યા હતા. રત્નમણિ ઉપરાંત મોનાર્ક નેટવર્ક અને એસ્ટ્રલ પાઈપ્સ સાથે સંકળાયેલી કંપનીઓ પર પણ દરોડા પડ્યા હતા.

# સુરતમાં ધો-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી યુવતીને કોરોના

ગુજરાતમાં હજુ સુધી જામનગરમાં માત્ર એક જ ઓમિક્રોનનો કેસ નોંધાયો છે, આમ છતાં કોરોનાના નવા કેસમાં વધારો થતા ફરી એકવાર ત્રીજી લહેરની ચર્ચાઓ શરુ થઈ ગઈ છે. આવામાં ઓમિક્રોન વેરિયન્ટ ડેલ્ટા જેટલો ભયાનક ના હોવાનું પણ ડૉક્ટરો દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. આમ છતાં સુરતની એક સ્કૂલમાં કોરોનાના કેસને જોતા કોર્પોરેશન દ્વારા સ્કૂલને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં સંસ્કાર ભારતી અને રિવરડેલ સ્કૂલના વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે. રિપોર્ટ્સ મુજબ શહેરના અડાજણમાં આવેલી સંસ્કાર ભારતી સ્કૂલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહત્વનું છે કે, ગઈકાલે સ્કૂલના વિદ્યાર્થીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

ગપ્પાબાજી કરતો કે યાર, આ વખતે રજામાં ઘરે જવાનું માંડી વાળી, એકાદવાર નહીં જઈએ તો શું ફરક પડશે ? અહીં રહીને જલસા કરીશું, પાર્ટી-બાર્ટી કરીશું.... અચાનક લ્યુકના મનમાં એક વિચાર સળવળ્યો ને વિચારવા લાગ્યો. વૃદ્ધ થયેલાં માવતર હવે કેટલું જીવવાનાં? કદાચ થોડું વધારે જીવશે તો પણ મારે તો બહુ ઓછીવાર મળવાનું થશે ! આના પરથી લ્યુક અને એના ત્રણ મિત્રોને એક કેલ્ક્યુલેટર બનાવવાનો વિચાર આવ્યો. ચોવીસ જ કલાકમાં આ કેલ્કયુલેટર તૈયાર કર્યું. તેની વેબસાઈટ લોન્ચ કરી.... એનું નામ છે, સી યોર ફોક્સ ડૉટકોમ.. (See Your Folks.com) અર્થાત્ 'જાઓ, જઈને તમારા મા-બાપને મળો.' - આ વેબસાઈટ પર જઈ દેશ સિલેક્ટ કરો, મા-બાપની ઉંમર તેમજ વર્ષમાં કેટલીવાર તમે મળો છો તેની સરેરાશ ટાઈપ કરો કે તરત મા-બાપના મૃત્યુપર્યંત કેટલીકવાર મળશો નો હિસાબ મળી જશે.... માવતર સાથે સમય ગાળવાનો મોકો ગુમાવશો નહી...!!!

**સ્પર્શમણિ :**

મા-બાપ એટીએમ કાર્ડ બની શકતા હોય છે પણ સંતાનો આધારકાર્ડ બની શકતા નથી.

● ● ●

હાર્ટએટેક લોહીનું પરિભ્રમણ અટકી જવાથી નથી આવતો, પરંતુ જયારે હાર્ટમાં રહેલા જ એટેક કરે ત્યારે આવે છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

## રોનક નિખરશે... ● છેલ્લા પાનાનું ચાલુ

વિશેષ આકર્ષક લાગે તે માટે રીફલેક્ટર્સ લગાવાશે જેથી રાત્રિના સમયે હરિયાળીની રોનક નિખરશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મોટાભાગના મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે તંત્રએ તિવ્રગતિએ કામ શરૂ કરી દીધુ છે. જાન્યુઆરી મહીનામાં યોજનારી સમિટને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી નગરને વાઈબ્રન્ટ લુક આપવાની સાથે સલામતીના દ્રષ્ટિકોણ તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે.

## પ્લાન્ટ નંખાશે.... ● છેલ્લા પાનાનું ચાલુ

વપરાશે. હાઈડ્રોજનને એક સ્વચ્છ અને વધુ ઉર્જા આપતું ઈંધણ માનવામાં આવે છે. એક કિલો હાઈડ્રોજનમાં નેચરલ ગેસ કરતાં ૨.૬ ગણી વધારે એનર્જી હોય છે અને તેનો સંગ્રહ કરી જરૂરિયાત પ્રમાણે વાપરી શકાય છે.

ગયા વર્ષે દુનિયામાં ૮૫૦૦ જેટલા હાઈડ્રોજન ફ્યુઅલ સેલ વાહન વેચાયા હતા. આજે જ્યારે પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતોની વચ્ચે દુનિયાનું ધ્યાન આ ટેકનોલોજી તરફ ગયું છે. ટ્રાન્સપોર્ટેશન માટે આ એક ફ્યુચર ટેકનોલોજી છે. ગુજરાત સરકાર દ્વારા ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાનારી વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં હાઈડ્રોજન ફ્યુઅલ ટેકનોલોજી સંલગ્ન અડધો ડઝનથી વધુ ઉદ્યોગજૂથો રાજ્ય સરકાર સાથે એમઓયુ સાઈન કરશે અને તેમને જમીન સહિતના અનેક ઈન્સેન્ટીવ આપવાનું પણ નક્કી કર્યું છે.